સુબોધ સ્તવના

વળી

ભાગ ૧ લો.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

ચંદુલાલ જયસિંહભાઇ દલાલ.

લાલચંદ લલ્લુભાઇ શાહ.

મિતીસૂત.

જય જય જય જિનેશ્વરા, પ્રભુ હું છું તુજ
પદ પંકજ ધ્યાને

નેહ નજરથી નિહાળો, જેથી
બ

નકલ.—૧૫૦

અમદાવાદ.

ધીકાંટે ધર્મવિજય પ્રી-ટીંગ.

કીંમત રૂ ૦-૧-૦ બે ૨

૬૨૫

સુબોધ સ્તવનાવળી.

પદ ૧ લું.

ધર ધર ધ્યાન—એ રાગ.

જય જય સ્વામી, મોક્ષના ગામી, અંતર જામી, પૂંજુ પાય.
અર્જ અમારી, હૈયા સ્વિકારી, શેવક કેરી કરશો સ્હાય;
ભવો ભવ ફરિયો, પણ નવ તરિયો, મનડુ મારૂં અતિ મુઝાય
આજ મેં જાણ્યું, મનને માણ્યુ, આપ વિના પ્રભુ કેમ તરાય
માટે મ્હેર કરી, દયા દિલે ધરી;
પાપ પર હરી, શિવ શું દરી;
દયાળુ દીજીયે, ઝાઝું ન જાચિયે;
દાન દયાની વિનતિ શદા સ્વિકારીએ;
પુજું પાય, જય જય સ્વામી.

પદ. ૨

વીપરીત વાત જતમાં બેની. એ રાગ.

મ્હેર કરો મહાવીર જીનેશ્વર.

શેવકને તારે, ભલાજી શેવક.
મારે તમારે પ્રીત પૂર્વની છે અંતર જાણિ.
તે વિસારી શાને મુકો,
શી છે મમ ખામી; ભલા. મ્હેર. ગા. ૧
તમે અમે અનંતિ વેલા ભેગા થઇ ભમિયા.
ભાઇ પિતા પુત્ર પિત્રાઇ,
મિત્ર પણે રમિયા; ભલા. મ્હેર. ગા. ૨.
સુરત્રિયંચ નરક નિગોદે, શાથે શાથ ફરતા
નાથ નિરંજન એક બીજાની,
આજ્ઞા શિર ધરતા. ભલા. મ્હેર. ગા. ૩.
તે શંભારે શાહેબ મારા, ઝાઝુ શુ? કહિયે.
દોષ અમારા દૂર કરીને,
શિવ સુખડું દઇયે, ભલા. મ્હેર. ગા. ૪.
શુખ દુઃખ ત્યાગી, થયા વૈરાગી,
જન્મ મરણઠેલી.
શિવપુર માહે જઇને વશિયા,
મુજને અહીં મેલી, ભલા. મ્હેર. ગા. ૫
મોડા વ્હેલા તારસો અમને સ્વામી એ તો જાણું;
તો હવે વાર કરો શા કારણ

શું જુવો ટાણું; ભલા. મ્હેર. ગા. ૬
લળિ લળિ લાગું પાય તમારા, વિચાર પર હરજો,
દાન દયા મીત્રાઇ દાખવી,
આપ શમો કરજો, ભલાજી. મ્હેર. ગા. ૭

પદ. ૩

શાને શાને રીશાઇ શાણી હો૦ એ રાગ.
શેવોશેવો (૩) તમે ભવ પ્રાણી હો,
ત્રેવીશમો પુરસા દાણી. ભલાજી ત્રેવીસમો
(પુરશા દાણી;
વંમા નંદન પાસ બીરાજે,
નયણે નિરખ્યો નાથ મેં આજે;
ભયો ભયો (૩) આનંદ અંગ માહે હો,
મારી શફલ ભઇ જીંદગાની; શેવો શેવો. ગા. ૧
જડિત મુગટ મસ્તક ઝલકે,
ઉત્તમ ટીકો ભાલમાં ચલકે;
ગલે ગલે (૩) ઘાલ્યા બહુ હાર હો;
બાજુબંધ બાંધ્યા બે તાણી; શેવો શેવો. ગા. ૨
કલ્લી સાંકલાં કરની માહે

હેમ કંદોરો કેડ છે જ્યાહે
ધર્યું ધર્યું (૩) બીજોરૂ હાથ હો,
રચી આજે આંગી મન માની. સેવો સેવો. ગા.૩
સુચર ખેચર શુરવર આવે,
જ્ઞાન તાન કરે તાલ બજાવે,
નાચીનાચી (૩) કરે થૈ કાર હો,
શુરનારી સરી ઇંદ્રાણી, શેવોશેવો ગા. ૪
વ્રિત ધરી પ્રભુ પુજા કરશો,
જન્મ મરણનાં દુઃખડા હરશો
નમે નમે (૩) રાજપુર રંગ હો,
જ્યાં બેઠા જગતના જ્ઞાની, શેવોશેવો (૩) ગા.૫

પદ ૪.

કુળા ભાઇ કેવી કેવીરે (૨) એ રાગ.
ચાલો ભાઇ આપણ જઇએરે (૨)
ભવજળ તરવા ઝાઝ, સીધાચળ રંગે
રહિયેરે. ચાલો૦
નરને નાર, અતિ અણગાર, અનંતિ વાર વાર
આવી કરે જુવાર, સેવે શાંજ સવાર;
કર્મ કરે ખુવાર, પામે ભવપાર,

જોડી હાથ, આદીનાથ
વંદી પાવંન થઇ એરે. ચાલો. ગ ૧
મહીમા અપાર, હુવા ઊધ્ધાર, અનંતિ વાર વાર
કહ્યું સાસ્ત્રની મોઝાર, એ છે ઉત્તમ ઠાર
તિર્થનો સરદાર વરતે જયજય કાર,
બોલે લાલ. થઇ ઉજમાલ.
એથી ભવજળ તરિયેરે. ચાલો૦ ગ. ૨

પદ. ૫

થયા છોરે પતિ તેજ પ્યારી તનઆ.—એ રાગ
મંનપ્યારામહાવીર જીનેશ્વર વશી રહયા મનમારે.
છેલ છબીલી મનહર સુરતી નયણે નિરખી આજ.
અરેહા.
જોઊં ધારી, સુખકારી, લાગે પ્યારી, જાઊંવારી.
કોડ કોડ વાર વંદણ કરિયે.
ચરણ કમળ તારે, મંન પ્યારા૦ અ. ૧
ત્રિશલા નંદન ભય દુઃખ ભંજન કરતા
ભવનો પાર; અરેહા.
જયપામિ, દુઃખવામી; મોક્ષગામી, થયા સ્વામી,

નાથ નિરંજન કર્મ નિવારી.
શકલ કાર્ય શારે. મન. ગ. ૨
કેશર ચંદન આંગી બનાવું, પેરાવું ફુલમાળ અરેહ્રા.
એક ચીતે, બહુ પ્રીતે, એજ રીતે, કરૂ નિત્યે,
દાનદયા પ્રભુ તુમ શેવા, માગે આ વારે;
મન પ્યારા. ગ. ૩

પદ. ૬

શાણીતુજ શજની દીવશાને રજની એ રાગ.
અજીત જીનદેવા. તુમ ચરણ શેવા અહર્નિશ ચિતમારૂ.
ચાહ્ય, ચ ડ્રાય, ચહાય, અજીત. ગા. ૧
કેશર ચંદન ગોળી ભરૂ રે કચોલી પ્રિતેનિતે પુજુ પ્રભુ
પાય, પાય, પાય, અજીત. ગા. ૨
તારંગે જાઉ મોતીડે વધાઉં ઉરમાં આનંદ અતિ.
થાય, થાય, થાય, અજીત. ગા. ૩
કર્મ સર્વ કાપો શીવપદ આપો દાનદયા ગુણ પ્રભુ.
ગાય, ગાય, ગાય, અજીત. ગા. ૪

પદ. ૭

ડરમાં તું દીલશાથ છોકરા ડરમાં તું દીલશાથ એ રાગ.
ધર્મ નાથ મહારાજ, સુણો પ્રભુ ધર્મનાથ માહારાજ.
સુધારો શેવક કાજ, સુણો પ્રભુ ધર્મનાથ મહારાજ.

દીનદયાળુ છો કૃપાળુ;
નાથ નિરંજનનુ શિશ નમાવું, કેશર ચંદન આંગી બનાવુ
મોગર માલતી ફુલ ચડાવું, હર્ષ ધરી તારા ગુણગાવુ.
(તુટક) પણ મને શંશાર શમુદ્રમાંથી તારો.
હું કરગરી કહુંછુ આજ;
સુણો પ્રભુ ધર્મનાથ મહારાજ. ગા. ૧
છુટકો શાહેબ નથી થનારો;
છબીલા છેડા નહી છોડનારો.
આ દુનિયામાં દેવછે ભારી;
બ્રમ્હા વિષ્ણું કૃષ્ણ મોરારી;
મહાદેવ રાખે પાસમાં નારી,
ઝાઝુ શું; બોલું, મુખે ગુજારી.
(તુટક) એ સર્વ દેવો રાગી છે ને તમે વૈરાગી.
પ્રભુ તમે ગરીબનિવાજ;
સુણો પ્રભુ ધર્મનાથ મહારાજ;
મારામાં સ્વામિ, હોય જે ખામી;
મહેર કરી પ્રભુ માફ તે કીજે,
બુડતા અમને ઉગારી લીજે.
શીવ સુખ સાહેબ દાસને દીજે,
દાન દયાના કારજ રીજે.

(ત્રુટક) એ વિના અવર મારે કામ નથી,
તમે રાખો અમારી લાજ,
સુણો પ્રભુ ધર્મનાથ મહારાજ. ગ. ૩

પદ ૮

યોવન ખિલ્યું આવ્યા રસ પાન કરો એ રાગ.
મલ્લીનાથ પ્રભુજી મને મ્હેર કરો.
દયા દીલ ધરો, પાપ પરહરો.
મલ્લીનાથ પ્રભુજી મને મ્હેર કરો. ગ ૧.
ભાખું નાથ નિરંજન તમભણી.
મારા કર્મ તણી કુથણી ઘણી.
બોલુ બોલ ખરો, તે ઉરધરો, મલ્લીનાથ૦ ગ. ૨
દેવગરૂ ધર્મ મને નવ ગમ્યો.
પરનારી સંગ રસભેર રમ્યો,
અભિમાન ભર્યો, લેશ નવ ડર્યો.
મલ્લીનાથ પ્રભુ૦ ગ. ૩
ભાગ્ય ખિલ્યું મારૂ પ્રભુજી મળ્યા
મારા મનના મનોરથ સઊ ફળ્યા,
ભવ ફેરો ટળ્યો, કાજ આજ સર્યો,
મલ્લીનાથ, ગ. ૪

હસ્ત જોડી ભોયણ વાસી કહું,
દાન દયાના સ્વામિ સરણે રહું.
તીહાં દીલ ઠર્યા, આનંદ ભર્યા. મલ્લીનાથ. ગ. ૫

પદ. ૯

ઘેલી ઘેલી આજે હું તો પ્રાણધાર એ રાગ.
આજે આજે નિરખ્યો મેં પ્રભુ દેદાર. (૨)
મનહર મુરતિયે હર્યું મમ તંન મન. આજેઆજે
રંગીલા, રસીલા, છબીલા, છોગાળા,
તેજ છે અપરંપાર.
આજે આજે નિરખ્યો એ પ્રભુ દેદાર.
તારો વારો કર્મ અમારા આવાર.
પ્રેમ ધરી પુજા કરી નિત જ્ઞાન તાન;
પાપોને તાપોને, કાપોને આપોને.
દાન દયા સિવનાર,
આજે આજે નિરખ્યો મેં પ્રભુ દેદાર.

પદ. ૧૧

ગીરધારીના રાગ.

જીનરાયારે, પ્રગટ્યા અગોડી ગામ,

મહાવીરને નેમજી સ્યામ.
સુખકારીરે, પાંચ પ્રતિમા છે સાથ;
નમો નેહ ધરી જોડી હાથ,

ઝુલ

ઓગણીસે ઓગણુ પચ્ચાસરે,
રૂડા આવ્યો ચૈતર માસરે,
કૃષ્ણ દસમીએ થયા ઊલાસરે,
કાઉ સગિયારે; જોડે બે કરૂ પ્રણામ,
માહાવીરને નેમજી સ્યામ; ગ. ૧
પધરાવ્યારે પ્રભુ લીલાચંદ ઘેર.
સેવે શ્રાવક રૂડી પેર.
જીન અંગેરે. હરરોજ આંગી બનાવે,
મુખે મંગળીક જીન ગુણ ગાવે.

ઝુલ.

સંગ ઝાઝા વંદન આવેરે;
નમે ચરણે શિશ નમાવેરે.
વળી આરતિ ઓત્છવ થાવે.
દાન દયારે દરસનની રાખે હામ.
માહાવીરજીને નેમજીસ્યામ;

પદ. ૧૨ મું.

ઓચરે બેની ઓચરે બેની. એ રાગ

સુણરે સખી (૨) પ્રિતમજી આવે.
આવીને અમને બોલાવેરે. શાણી
અહા ગુણ ખાણી.
પ્રિતમજી સાથે હસશું ને રમશું
આજ્ઞા મસ્તકે ધરશું રે. શાણી અહા ગુણ ખાણી.
પશુ વચનથી પ્રીતમ પાછારે વાલ્યા.
ગિરનારના મારગ ઝાલ્યારે શાણી.
અહા ગુણ ખાણી
સાંભળ સખિરી હવે ન રહેવું.
બેઠી વાલમને કહેવુંરે શાણી. અહા ગુણ ખાણી
જટપટ જાવું શામળિયા સાથે.
હસ્ત મુકાવું મમ માથેરે શાણી અહા ગુણ ખાણી
નેમ રાજુલ દો સંજમ લેતાં
મુગતિમે ડંકા દેતારે શાણી. અહા ગુણ ખાણી.
દાન દયાલાલ કહે પ્રભુ મેરા.
ટાળજો ભવોભવ ફેરારે શાણી અહા ગુણ ખાણી.
સુણરે સખી (૨) ૦

પદ ૧૩ મું.

કુમાર મારી આલી જોજોને પેલો કુમાર. એ રાગ
પ્રભુ પાસ ગોડીચા પુજુ તમારારે પાય.
દર્શન આપો વિયોગ કાપો. તમે વશ્યા ભુવનની
માંય પ્રભુ૦ ગા. ૧
શું છે રે સ્વામી મારામાં ખામી. છોરૂથી
કોણ રિસાય. પ્રભુ૦ ગા ૨
વિરહ તમારો નાથ નિવારો. ઉરમાં આનંદ થાય.
પ્રભુ૦ ગા. ૩
દીવસ ઝાઝા થયા મહારાજા.
કયાં સુધી વિયોગ વેઠાય. પ્રભુ૦ ગા. ૪
પ્રગટ થાવો. વદન બતાવો.
મનડું તારે મલકાય. પ્રભુ૦ ગા ૫
મ્હેર હવે કીજે દરિસન દીજે.
દાન દયા ગુણ ગાય. પ્રભુ૦ ગા. ૬

પદ. ૧૪

હુંરેપચુંબેનહુંરે થયું આપણીરાણકીને. એ રાગ.
નિત્યે કરૂ એક ચિતે કરૂ સુપાસની. સેવા
નિત્યે કરૂ.

આંગી અનોપમ આજ બની છે.
નયણે નિરખી મારૂ દીલ ઠર્યું. સુપાસ૦
મસ્તકે મુગટ કાને કુંડલ,
હારટીકે મારૂ મન હર્યું. સુપા૦
કલ્લી સાંકળા કેડ કંદોરો.
સકલ બિરાજે રૂહસ્ત ધર્યું, સુપા૦

કેસર ચંદન ફુલ ચડાવું,
પૂજી પ્રભુજીને સિવ વરૂં. સુપા૦
દાન દયા બોલે કરજોડી,
હરરોજ અરીયા ધ્યાન ધરૂ સુપા૦

૧૫ ગરબો.

સાવંત્રીનું આજ પુજન મારે કરવું રે. એ રાગ
ચાલો ચાલો ચતુર નર નાર ભોયણપુર જઇરે,
પ્રેમે પુજી શ્રી મલ્લિજી નંદ, પાવન થઇએ રે;
એઓ ગણી સમો અરિહંત, અંતર જામીરે,
સુરનર આવી સેવે પાય, રહે શિર નામીરે. ચાલો૦
એરે ભગવંત સેવો ભાવથી તમે,
ટળસે તમ પાપ વિકારરે.
સુખકારી સાહેબને સેવીએ સદા.

ભતી આવી પુનમે પુનમિયાનમે,
રચે આંગી સરસ શ્રીકારરે.
સુખકારી સાહેબને સેવીએ સદા.
આરતી કાજે સૌ ડાંડિયા રમે,
ફરતા ફરતા કરતા જુહાર રે.
સુખકારી સાહેબને સેવીએ સદા. ચાલો૦
જલ ચંદન ધુપ દીપ કરાવે,
કુસુમ અક્ષત નૈવદ્ય ફલ લાવે.
અષ્ટ દરવ મીલાવે રે, હરખે નર નારી,
જ્ઞાન તાન કરી પુજા ભણાવે,
ઝુમ ઝુમ ઝુમ ઝુમ નાચ ત્યાં થાવે.
દાન દયા ગુણ ગાવેરે, હરખે નરનારી. ચાલો ચાલો૦

૧૬.

બંધ કિલ્લો બાપુજી શું કામ. એ રાગ.

પ્રભુ વંદન કરિયેરે, અમે આજ સમાજ તમામ,
દેવાજી દેવા માગીએ સેવા, કરે નિત પ્રીતે પ્રણામ,
પ્રભુ૦
ગુણતો તારા ગાઉ આનંદ પાઉ,
આવી હરખે મગોડી ગામ. પ્રભુ૦

તાથૈ તાથૈ નાટક કરિયે.
જહાં મહાવીર નેમજી સ્યામ. પ્રભુ૦
ભવ દધી તારો કષ્ટ નિવારો,
અમે જપિયે જીનંદા તુજ નામ. પ્રભુ૦
દાન દયા સીવ સુખડુ માગે,
આપી સુધારજો કામ. પ્રભુ૦

૧૭.

ચંદ્ર વષ્તશો આવિયો. એ રાગ.

વાહ? વાહ? વિમલાચળ આવિયો,
સોના રૂપાને ફુલડે વધાવિયો. વાહ? વાહ??
એ તિર્થમાં રાજ ભવતરવાને ઝાઝ
ભગવંતે ભાખી બતાવિયો. વાહ?
સુણી શેત્રુંજય સાર પુજી પામિયા પાર,
ભવીને મન બહુ ભાવિયો. વાહ?
મ્હોટા એક વિસનામ જાણો ઉત્તમ ઠામ,
જપતાં કર્મને ફસાવિયો. વાહ?
તિર્થ મહીમા અપાર કહેતાં ન આવે પાર,
ભરતે ઉદ્ધાર કરાવિયો. વાહ?
દાન દયા ઉલ્લાસ. આવિ ચૈતર માસ.
હરખે ગેરી ગુણ ગાવિસો વાહ?

૧૮.

મિયા મુજ પ્રાણ છે વારી વારી. એ રાગ.

આદી જીન રાજ છો સુખકારી,
દીસે છે કાંતી શી તારી તારી

શાખી.

મનહર મુર્તી દીપતી. મુખ પુનમકો ચંદ
સુરનર કીન્તર લાજીયા લાજિયો ઇંદ્ર નરેંદ્ર
દીસે દીન દયાલ, શશી સમ છે ભાલ,
ઉપજે નિરખતાં વ્હાલ,
અરે વાહ? અરે વાહ?? અરે વાહ??? આદીજીન.

શાખી.

નાચે માચે અપછરા, જીન ગુણ મુખે ગાય.
નયણ થકી નિહાલતાં, આનંદ અંગ ભરાય.
રંગીલી. રશીલી છબીલી અલબેલી પ્રેમ ભરેલી.
અરે વાહ??? (૩) આદીજીન.

શાખી.

ભાગ્ય ખીલ્યું હવે માહરૂં, દરિસન પાયો આજ
દુઃખ દોહગ દુરેટલ્યા, સુધર્યાં સઘલા કાજ.
કેશર ઘોલી ભરૂં કચોલી પુજું રંગરેલી.
અરે વાહ??? (૩) આદીજીન.

પદ. ૧૯

બ્હેની મારી સમું વિલાસી એ રાગ
પ્રભુ મારા સોલમા સ્વામિ (૨) અંતરજામી
નમું શીરનામી આજ હું
અર્જ અમારી હૃયો સ્વિકારી,
આ ભવ પાર ઉતારતું. પ્રભુ
મોહરાય નડિયો. ભવોભવ ભમિયો,
તુમ વીન પામ્યો ન પારહું. પ્રભુ
સેવક ધારી, સીવગતી પ્યારી,
દેખાડ દયા ધરી આજ તું. પ્રભુ
આજ્ઞા હું ધરતો, સ્મરણ કરતો;
સાહેબ અચરા નંદતું. પ્રભુ મારા.

પદ ૨૦

સુણોરે કોશ્યા સ્વારથિયો સંસાર. એ રાગ.
નિરખ્યારે મ્હેંતો સાંતીજી નંદ મહારાજ,
હરખ્યારે મારા આતમ રામજી આજ,
સુરનર સવી વંદેરે અચરાસુત આનંદરે;
જાણી સંસાર સમુદ્રે ઝાઝ. નિરખ્યારે.
કાચે હીરો પરખોરે, વળી સુરતરૂ સરખોરે,

છે દેવોમા સીરતાજ, નિરખ્યારે૦
લળિ લળિ પાય લાગુરે, વચન એક માગુરે;
છો ગરીબ નિવાજ. નિરખ્યારે૦
સાહેબ પર ઊપગારીરે બુડતાં લ્યો તારીરે.
સુધારો સેવક કાજ. નિરખ્યારે૦

પદ ૨૧

અમન ચમન નમન એ રાગ

નમન નમન નમન નમન નમન કરૂં નાથને.
અહર્નિશ ધ્યાન ધરી, નમન કરૂં નાથનેરે,
પ્રથમ નરેશ્વરા, પ્રથમ હુવા વૃતધરા,
પ્રથમ તિર્થંકરા, થઇને તાર્યાં સાથને, નમન
જુગલ ધર્મ નિવારણ સ્વામિ. મરૂ દેવાનંદ છો;
નાભીરાયા કુલ મંડલો ઉગારે અનાથને નમન
નિશદીન ધ્યાન ધરૂં; પુજા ભકતી કરૂં
દાન દયા દેખાડસો .સીવપુર સાથને. નમન

પદ. ૨૨

ઓ સાહેલી ચાલ્યા પેલા અલબેલા એ રાગ

ઓ સખીઓ આવ્યો મારો અલબેલો
જરા જોને રથડા કેમ પાછો ઠેલો

પશુ વચને શું પાછા ચાલ્યા,
ગઢ ગિરનારના માર્ગે જાલ્યા,
નવભવ નેહ નિવારી વાલ્યા. ચટકે, ખટકે, ન
અટકે એ સખીઓ૦

બ્હેની આજબની હું હું ઘેલી,
ઉઠ ઉઠ તું વાતો મ્હેલી,
વ્હાલમને જઇ લાવજે વ્હેલી;
ઝડપ, સડપ, ચડપ. એ સખીઓ.
સત્ય પ્રીતમની પાછલ જાવું,
મસ્તક ઉપર હસ્ત મુકાવું;
સંજમ લઇને સાવ પદ પાવું, રંગે, સંગે, ઉમંગે.
એ સખીઓ૦

સ્વામિ પ્હેલા સીવપુર જાવે,
જોતમાં જોત પ્રભુ મિલાવે;
દાન દયા તેના ગુણ ગાવે, પ્રીતે, ચિંતે, નિતે, એ સ૦

પદ. ૨૩

અહાર જોઇ કાંઇ કાંઇ થાયજો એ રાગ.

પ્રભુ મુરત મોહન વેલજો, વાહ? વાહ?? શી શોભે;
દેખી રૂદય થાય રંગ રેલજો, મમ મનડું ત્યાં લોભે.

વાહ્! સૈત્રુજા સ્વામી, અંતર જાંમી,
દીપો અલબેલા આદીનાથજો, મમ મનડું લ્હાંલોભે.
મરૂ દેવાજી નંદન, કરૂંછુ વંદન, ચડાવું ચંદન,
સફલ કરિયે અમારા હાથ જો, મમ૦
રંગીલા, રસીલા, છબીલા, છોગાલા, દીસો, દયાલ,
પ્રભુ સુરત મોહન વેસજો, વાહ્વાહ્ શી શોભે.

પદ. ૨૪

પરભાવતી ડાહી થઇ એ રાગ.

કહ્યું માન મનવારે, સુતો શું નિચંત પણે,
જોને મોહ રણીઆરે; ભમે છે લ્હારી કને. કહ્યું.

સાખી

માટે જાગ જાગતું આળપ તજી આ વાર
આવી તો કાર ઝાલશે પછી થઇશ ખુવાર.
ધાર્યું ધુલ મલસેરે, નહિ કોઇ તુજગણે. કહ્યું૦

સાખી

ત્રણ ખંડનો અધીપતી, રાવણ રાય કહેવાય.
રણમાં મસ્તક રડવડયાં, કાગ કોચી ખાય.
નવી કર્યું સરણુંરે, આવીને કોઇજને. કહ્યું૦

સાખી.

ખીલ્યા ગુલાબોનો પુષ્પો ઘડી કેડે કરમાય
સંધ્યા રંગ જેમ સોભતો, પલ પછી પરતાય,

જોમન એમ જાસેરે, સર્વને કાળ હણ. કહ્યું

સાખી

તે કારણ કહું જીવડાં ઘર જીનવર સુભાવ,
પુજા ભગતી કર પ્રીતથી, ફરી નહી આવે દાવ
પ્રભુ તુજ મલીઓરે, ભવ દધી તરવાને કહ્યું૦

સાખી

જન્મ મરણ દુરે કરે. સોલમા સાંતી નાથ,
પુજે પાર ઉતારસે, આપે સીવ પુર સાથ;
દાન દયા સોભાગીરે, મુખેથી એમ ભણે.
કહ્યું માન મનવારે, સુતોશું નિચંત પણે.

નવકારનો ગરબો.

પદ ૨૫

સ્મરણ કરસે શ્રી નવકાર. જેથી પામીએ ભવનો પાર.
ચાદ પૂર્વનું જેમાં સાર,સા સમાંહે છે અધિકાર–સ્મરણ
સતી શ્રીમતીને તતકાલ, ફણીધર ફીટિ થઇ
ફુલમાલ સ્મરણ
ભીલ ભીલડી ભણે ત્રણ કાળ, રાજા રાણી હુવ
તે હાલ, સ્મરણ૦
એમ અનેક તર્યા નરનાર, મંત્ર માંહે
સઊમાં સરદાર.
દાન દયા બોલે આ વાર, જપતાં થાસે
જય જયકાર, સ્મરણ૦

પદ ૨૬

દરસનમાં ગંભીરાજી પ્યારો લાગે. એ રાગ

અલબેલા આદેશ્વર પાર ઉતાર, પાર ઉતાર ભવ
દધીર્થી તાર. અલબેલા.
કર્મ બહુ કીધાં પરધન લીધાં, નીરખ્યો મોહ્યો
હું પરની નાર અલબેલા૦
જુઠું હું બોલું કુડ તોલ તોલું, ચોર ચાડીથી
ન લાજ્યો લગાર. અલબેલા૦
કપટ ઘણું કરતો અહંકાર ધરતો, રસ ભેર
રમતાં સમજ્યો ન સાર. અલબેલા૦
અંતરકત્રડીઓ, નાથ ના જડીઓ, તુમ સરખો
ન તારણ હાર. અલબેલા૦
સાહેબજી આજે તરણને કાજે. બેઠા દયા નીધી
તુમ દવાર. અલબેલા૦
તારસો જ્યારે રેઉઠીસ ત્યારે, નાના છેડા નહી
છોડનાર. અલબેલા૦
કર્મ મમ કાપો શીવ સુખ આપો, દાન દયા
બોલે વારંમવાર. અલબેલા૦

૨૭

ચમકી ચમકી ચતુરા ક્યાં ચાલી એ રાગ.

અભીનંદન (૨)વંદન કીજે, નરભવનો લ્હાવો લીજે
કરે પુજન (૨) પ્રભુથી રીજે, કારજ તેના તોસીદ્ધ
જલ ચંદન ચીત ચડાવે, ફુલનકો હાર પ્હેરાવે,
ધુપ દીપ અક્ષત ધરો ભાવે, ફલને વદ પાસે ઠાવે,
એમ અષ્ટ દરવ પુજીજે. અભીનંદન વંદન કીજે,
ગીત જ્ઞાન તાન મચાવે. થૈથૈ કાર કરી ગુણગાવે,
દાન દયા અમીરસ પીજે અભી નંદન.
વંદન કીજે

પદ. ૨૮

તમે જાગોને જોગીરાજ એ રાગ

રેસામું જુવોને મ્હારાજ, પ્રણમી તુજ ચરણે માગું
રે સામુ જુવોને મ્હારાજ
સ્વામિ પાપ તાપ નિવારો, બુડતાં અમને તારો;
મમ કાજ આજ સુધારો. રે સામુ
ભવ ચક્ર ભમન કરનારો, છેડો ના આવ્યો મારો
સંસાર સમુદ્ર ખારો. રે સામુ
નૌકા રૂપ છબીવા નીરખી, નથી આ જુગમાં તુજ
સરખી
દાન દયા સેવા હરખે રે સામુ

૨૯

ગઇ ગ્રીષ્મ થયુ ચોમાસુ, વીરહી વરસાવે આંસુ.

એ રાગ.

મહાવીર જીનેશ્વર મારી, અરજી લ્યો આજ સ્વીકારી,
મેં કર્મ કર્યાં બહુ ભારી, મુખે શું ! બોલુ ગુજારી;
સુભ દેવ ગરૂ ન ધાર્યો, નિતી ન્યાયને દુર નિવાર્યો,
હું જુઠા બોલ બોલનારો;
ધરી માન, રહ્યો અજ્ઞાન, થયો હેરાન,
ગયો ભવ હારી, મુખે શું !
જીનરાજ આજ મને મળિયા, ભવો ભવના ફેરા ટળિયા,
જે કર્મ તણા હતા ટળિયા, તુમ નીરખી પાછા વળિયા;
સર્પ નાસે મોર ત્રાસે, હસ્તી ના આવે સિંહ પાસે,
શશિથી અંધકાર નાસે;
તેવી તે રીત, કર્મ ખચિત, થઇ ભય ભીત;
નાઠા એ વારી. મુખે શું !
દયાળુ દયા દીલ ધારો, હું સેવક છું તમારો,
હસ્ત ગ્રહી અમોને ઉગારો, બુડતાં ઝાઝને તારો;
નહી અવર કામ હમારે, તુમ વીના દુજો કોણ તારે,
દાન દયા કહે આવારે;

સ્વામી તમે શીરતાજ, ગરીબ નીવાજ, રાખ જો લાજ,
આપી સીવ નારી. મુખે શું !

૩૦

દેખા ભાઇ દુખના દાહાડા હો. એ રાગ.

સુણો તમે સોલમા સ્વામી હો. (૨)
દીનદયાળુ છોરે કૃપાળુ, લળી લળી પાયે લાગીએ;
માયા મોક્ષના ગામી હો. (૨)
તુમ ચર્ણની સેવા સદાએ માગીએ.

સાખી.

નાથ નિરંજન તાહરૂં, મુખ પુનમકો ચંદ,
મોહનગારી મુરતી, દીસો અચરાનંદ સુણો તમે.
તિર્થંકર ચક્રી તમે, બે પદવાની છાપ;
સંજમ લેઇ સુખી થયા, બાળ્યા તાપ ને પાપ. સુણો.
દ્વિ કર જોડી વીનવું, સાંભળ જો મહારાજ
દાન દયા દાસ તુમ તણા, તારશો ત્રીલોક આજ.
સુણો.

પદ ૩૧ મું.

મારે સોનાનું છે બેડું રે, છેલ છબીલા છોગાળા.
પ્રભુ મુરતી મોહન ગારીરે, છેલ છબીલા છોગાળા.

નીરખતાં લાગી પ્યારી રે. છેલ૦
તેજ દેખી શશિ શરમાયો રે. છેલ૦
મુખ દેખી ને હું હરખાયો રે. છેલ૦
ભુચર ખેચર પાય લાગેરે. છેલ૦
સુર ઈંદ્ર ચરણ સેવ માગેરે. છેલ૦
કર્મ કાપી થયા સીવ સ્વામિરે. છેલ૦
અમે નમશું તમ શિર નામિરે. છેલ૦
આજ મુરતીએ મોહ લાગ્યો રે. છેલ૦
આનંદ અતી ઉર વાધ્યો રે. છેલ૦
તારા દરશનથી દુઃખ જાવે રે. છેલ૦
સિંહ પાસ હસ્ત નવ આવે રે. છેલ૦
મોર દેખી સર્પ ના રેહેવે રે. છેલ૦
શસિ તેજ અંધાર કેમ શેહેવે રે. છેલ૦
તેમ તુંમ જેને પ્રભુ મળીયોરે. છેલ૦
તમથી બીજો નહી બળિયો રે. છેલ૦
માટે કર્મ અમારા નીવારો રે. છેલ૦
દેઇ દાન દયા કરી તારો રે. છેલ૦

૩૨ ગરબો:

મ.સો. સોયર પ્રભુ પુજવારે;

કેશર લાવી. અંગે ચડાવી. આંગી બનાવો. વાહવા.
ચાલો૦
મોગર માલતી કેતકીરે.
રંગે મંગાવી હાર ગુંથાવી. કંઠે પેરાવો. વાહવા.
ચાલો૦
રૂમ જુમ રૂમ જુમ નાચ સુરે.
હરતા ફરતા ફુદડી દેતા. જીન ગુણ ગાવો. વાહવા.
ચાલો૦
હસ્ત જોડી. સઊ નાથનેરે.
નેહ સુનમતા. વંદણા કરતાં. શીર પુરજાવો. વાહવાં.
ચાલો૦

સાખી.

રૂષભ મરૂ દેવા તણો, નંદન ગુણ ગંભીર;
નાભીરાયા કુલ મંડલો. સમતારસ માહાધાર,
દયા દાન દેતા, સિવ સુખ લેતા, આનંદ પાવો।
વાહવા ચાલો સહીયર પ્રભુ પુજવારે૦

૩૨.

કેવું અંધારે કુટાણુરે વાહાજી વાહ એ રાગ.
બીડ ભંજન પાસજી મળયારે. વાહજીવાહ.

બત્રો ભવના ફેરા હુળિયારે. વાહજીવાહ.
વમાના જાયા. પુજીએ પાયા.
ગુણ તુજ ગાયા. કરૂ હું આરતી.
આજે મન મનોરથ ફળિયારે. વાહજીવાહ.
તમે પાસજી દેવા, કરૂં રોજ સેવા,
સીવ સુખ લેવા. ગુજારૂ વિનતી.
દાન દયા કરજો જાતમાં ભળિયારે. વાહજીવાહ.

૩૪.

આવો કુમ કુમને પગલે. એ રાગ.

મન મોહન પાસજી પ્યારા. હુ સેવુ ચર્ણ તમારા.
અષ્ટ કમને આપે નિવાર્યા. હુ સેવુ ચર્ણ તમારા.
વંમારાણીએ જાયા. અસ્વસેન કુલે સોહાયા.
શોભે નીલવરણીકાયા, લક્ષણ બહુ અંગ દીપાયા.
પ્રભુ મુખ પુનમકો ચંદ, નિરખીને થાય આનંદ.
પ્રભાવતી પ્રાણ આધારા; હુ સેવું ચર્ણ તમારા;
નાગને બલતા બચાયો, ધર ઇદ્ર આપે બનાયો.
કમઠને આપે હરાયો; સાહેબ ઉલટુ શુખપાયો.
દિનુ ત્યાં વરશીદાન, લેઇ સંજમ મેલવ્યું જ્ઞાન;

દીધી દેશના અમૃત ધારા. હુ સેવું:
શીવ પુરમાં સેજેજાવો; ત્યાં જોતે જોતી મીલાવો.
નિરંજંનનાથ કહાવો; ખટ દર્શનમાં થાય માવો.
એશાણે રશિયા વશીયા, પુજનિકના પાપો ખશિયા.
બેઠયા વર્ણ અઢારા; હુ શેવુ.
દાનદયા હર્ખ ધરી આવે; વંદેતમ ચરણે ભાવે.
ગીત જ્ઞાન કરી ગુણગાવે. આનંદ આસે પાવે.
હસ્ત જોડી પાયે લાગુ; શીવ શુખડુ સાહેબ માગુ.
તમે કાપજો કર્મ હમારા; હુ સેવુ;

૩૫

પારણું.

આશુ?? આંસુ કે ચોમાસુ આવ્યુ આંખમાં

એ રાગ

ઝુલે ઝુલે મારો નંદન ઝુલે પારણે;
ગાવે ગાવે હાલોમાતા વીર કારણે:
તરણ તારણ દુઃખ નીવારણ જન્મ્યો જગત આધાર.
શાવંન પારણે સુખે પોઢો (૨); આજે વીર
કુમાર; ઝુલે. ગાવે. ૧
છલ છબીલી મનહર મુરતી, પ્રગટયો પુનમ ચંદ.

ઇંદ્ર નરેંદ્ર લજીત થાવે; (૨) નીરખી તુજને
નંદ. ઝુલે ગાવે;
ઉત્તમ શુપનાજે શુખકારી; મોટા ચઉદ શ્રીકાર;
મેં સુતા રજનીએ પેખા; (૨); પેસે મુખ
મોઝાર. ઝુલે. ગાવે.
જન્મ નંદન તારો જાણી. આવે ઇંદ્ર એ વાર.
મેરૂ ગેરી ઉપર લઇ તુજને; (૨) નવરાવે નીરધાર;
ઝુલે; ગાવે.
ચંદન ચરચી તુજમુખ નિરખી; આશિર દે શ્રીકાર;
જય જગદિવો બહુ ચિરણ જીવો (૨) પ્રણમી વાર
હજાર; ઝુલે. ગાવે.
શુરનર આવે વેગે વરશાવે, ક્રોડ શોનૈયા બાર;
અંગુઠે અમરીત રસમુકી (૨) ભરિયો સુજ ભંડાર;
ઝુલે. ગાવે.
કેલતણા ધરત્રણ કરીને; મારે તમારે કાજ,
છપન કુમરિ ગુણગાવે (૨) જાણી તું જીનરાજ
ઝુલે. ગાવે.
ચતુર વિચિક્ષણ ઉત્તમ લક્ષણ, દીપે તમ દેદાર;
કુમકુમ તીલક કપાલે કીધતાં; (૨) મોહયો સકલ
સંસાર ઝુલે. ગાવે.

ભાગ્યશાલી આ ભરત ક્ષેત્રમાં,શઉ અગ્રી સરદાર
પુત્ર રત્ન મમ કુખે પ્રગટ્યું;(૨) માનુ શફલ અવતાર;
ઝુલે ગાવે.

નંદન મારા સારા સારા, મંગાવુ સણગાર.
વસ્ત્ર અમુલ અંગે પેરાવું (૨)મમ હૃદયાના હાર.
ઝુલે. ગાવે.

મોટા થાસો શાળાએ જાસો, ભણી થસો હુશીઆર
મોહન વેલી એક અલબેલી(૨) પરણાવીશ હુ નાર;
ઝુલે. ગાવે.

જાત જાતનાં અતી રમકડાં સુંદર શોભાદાર.
હાથમાં લેજો રંગે રમજો (૨) શોટકા બાજીબાલ.
ઝુલે. ગાવે.

અહોર્નિશ ગાવું તને ઝુલરાવું; અવગુણ નથી લગાર
પણ આનંદ કરવા મનમારૂ,(૨)ઝુલાવું વાર હજાર;
ઝુલે. ગાવે.

ઓગનીસે તેપંન ભાદરવો; શુદ આઠમ શોમવાર;
દાનદયા વડનગરે ગાવે; (૨) વરત્યો જય જય કાર.
ઝુલે. ગાવે.

રાગ ઉપર પ્રમાણે.

રશિયા વશિયા ઠશિયા આજે મારા મનમાં.
મળિયા પાપો ટળિયા આજે મારા ક્ષણમાં.
છેલ છબીલી છબી ફાકડી શાચા દેવ સુખકાર.
અદભુત અંગ પ્રભુ તમપેખી. મોહ્યો શકલ
શશાર; રશિયો.
નાથ નિરંજન ભય દુઃખ ભંજન, છો જગ
તારણ હાર,
અષ્ટ કર્મને આપ નિવારી, પરણ્યા શિવ વદુ નાર
રશિયા.
તુજ ગુણગાતાં પાર ન આવે, ભરિયો જેમ ભંડાર.
દાનદયા બાળ માતર જયને, પ્રણમે વારંમવાર શરિ.

૩૭.

કેરો પુજીઆ રાતનો છે મ્હાર એ રાગ.

આજ આંગીનો બહુ છે મ્હાર, ચાલો જઇ કરિયે જુવાર.
પ્રેમે પુજો તમે નરનાર;
સુખે ગુણ ગાવો ગાવો ગાવો ગાવો; આજ.
ભાવના ભાવો ભાવો ભાવો ભાવો; આજ.
અતિ સુખ પાવો પાવો પાવો પાવો આજ.

વાહ વાહ આજ આંગીનો બહુ છે બ્હાર;
રવીવારે રાચપર જાય; પુજે ચિન્તામણ પાય;
શુખશાંતી શઉને થાય; દાન દયા સુખે ગુણ ગાવે
ગાવે ગાવે.

ભાવનાભાવી ભાવો ભાવો ભાવો.
અતી શુખ પાવો પાવો પાવો પાવો.
વાહ વાહ આજ આંગીનો બહુ બ્હાર.

૩૮

કુહેજે તારા રાજાને થાય તે કરે, એ રંગ;
જોને શખી શામળિયો આતે શુ? કરે.
આતે શુ? કરે, મુને પરહરે. જોને. શખી.
પશુ વચનથી પાછા વળ્યા રડતી મુકીનાર,
કોને કુહેવું, કયાં જઇ રેહેવું, તે તો થયા અનગાર.
અરે વાહ ! અરે વાહ ! અરે વાહ !! અરે વાહ ! !
અરે વાહ ! ! જોને શખી.
નવભવ નેહ નિવાર્યો નાથે, હસ્ત મુકાવું જઇહુ માથે
શંજમ લેઉ સ્વામિ સાથે, અરે વાહ. (૫) શખી
નેમ નાથને રાજુલ રામા; કેવલ લઇને કર્મને વામ્યા
દાન દયા અક્ષ સુખ પામ્યા; અરે વાહ (૫) જોને શખી

૩૯

વણુઝારાનો રાગ.

પ્રભુ વીરજીનંદે વિચારિ; ભાખ્યા પર્વપજુશણુભારી
શ્રાવણુ ભાદ્રરવે એ પર્વઆવે, અઠ્ઠ દીવશ મોટા બનાવે
ભવ્ય જીવોને એ ઉપગારી; ભાખ્યા, ગા ૧
જેમ ઔષધ માહીં લેઇએ અમૃત રસ જેમ દઇએ;
મંત્રમાં નવ કારવાલી ભાખ્યા. ગા. ૨
તારા અંદર મોટો ચંદ્ર, સુરનરમાં ઉપરિ ઇંદ્ર;
સતિયોમાં શીતાનારી; ભાખ્યા. ગા. ૩
કલ્પ વક્ષ વક્ષમાં સારો એમ પર્વ પજુ શણધારો;
ભવ પ્રાણીને શુખકારી ભાખ્યા. ગા. ૪
એ દીવશ રાખિયે શમતા, તજો મોહ માયાને મમતા
શુણુ કલ્પ શુત્ર હીત કારી ભાખ્યા. ગા. ૫
શક્તા શું તપજપ કીજે માસ ખમણુ સોલ કરીજે
અઠાઇ કરે નરનારી ભાખ્યા. ગા. ૬
કરે ચાર પાંચ ભવી ભાવે, છઠ અઠમ પાપ જલાવે
ભવી થાવે શુઝ અવતારી; ભાખ્યા. ગા. ૭
નવ પુર્વ તણો સારલાવે એક કલ્પ સુત્ર બનાવે;
ભદ્ર બાહુ વીર અનુશારી ભાખ્યા. ગા. ૮

શોના રૂપાના ફુલડા ધરીએ; મણી મોતીથી પુજા કરીએ
એ સુત્ર આનંદ કારી; ભાખ્યા. ગા. ૯
ગરૂ મુખથી શુણુ એ સાર, શોતા અખંડ એકવીશવાર
પાવે અષ્ઠભવ સીવ પ્યારી ભાખ્યા. ગા ૧૦
ગીત જ્ઞાન વાજીંત્ર વગડાવો, જીનરાજની આંગી રચાવે
કરો ધર્મ કામ નિવારી. ભાખ્યા. ગા. ૧૧
જીવ દયા ધરો મનરંગે શ્વામિ ભગતી કરો ઉછરંગે
જર ઉપરથી મોહ ઉતારી ભાખ્યા. ગા. ૧૨
જાચકોને દાન બહુ દીજે; તેના શકલ મનોરથ સીજે.
દાનદયા કહે જયકારી; ભાખ્યા. ગા. ૧૩

૪૦

જા સુખે બદલો લેજે એ રાગ.

ચાલો તારંગે જઇએ; (૨)
અજીત જીન શેવા ચહીએ. ચાલો
પ્રભુ પુજી પાવન થઇએ (૨)
મન વંછીત શુખડુ લઇએ ચાલો

અવીકારી અરિહંત દેવા નીરખી આનંદ પાઉં;
ચરણકમળ શેવું જીનકેરા ગુણ ઘણેરા ગાઉં તારંગ્ર
ચાલો.
અજીત જીનદેવા ત્યાં બીરાજે; નંદ.
દાનદયા દરશનથી પામે; ઉરમાં અધીક આનંદ
ચાલો.

સમાપ્ત

અગાઉથી આશ્રય આપનારનુ લીસ્ટ.

૫૦૧ સાખાતે

૧૦૧ પાદરાની જૈનશાળાના સેક્રેટરી ડાહાભાઇ વનમાલીદાસ
અમદાવાદ

૨૦ શા. હીરાચંદ સજાણજી
૧૦ શા. કેસવલાલ હઠીસંગ
૧૦ તમાકુવાળા ચંદુલાલ ડાહાભાઇ
૧૦ શા. ચુનીલાલ ખેહેચરદાસ
૧૦ શેઠ. મોહનલાલભાઈ મુલચંદ હઠીસંઘ
૧૦ શેઠ. હીરાભાઇ હઠીસંઘ
૧૦ શા. માણેકલાલ મગનલાલ.
૫ મગનલાલ બાપુજી પાટણ
૫ મી. એન એન વેવાઈ વડોદરા
૫ શા. કીલાભાઇ ઉજમશી
૫ શેઠ બાલુભાઇ મગનલાલ
૫ શા. ઇશ્વરલાલ સોભાગચંદ
૫ શા. મણીલાલ ડાહ્યાભાઇ
૫ શા. મણીલાલ મગનલાલ
૫ જેસંગભાઈ મનસુખરામ
૫ શા. બાપાલાલ નાહાલચંદ
૫ શા. જેસંગ લલુભાઇ
૫ બાઇ લેહેરાભાઇ

૫ ગુસાપારેખની સભાની
૫ શાહાખાતે
૪ શેઠ. વીઠ્ઠગભાઇ
૪ શા. કેશવલાલ મગનલાલ
૪ રવચંદ ફુલચંદ
૨ શા. ફકીરચંદ બાલાભાઇ
૨ લહીઆ. અમરદત ગુમાનજી
૨ શા. વાડીલાલ ઘટાભાઇ
૨ શા. કાલીદાસ હરખચંદ
૨ પોપટલાલ બહેચર
૨ શા. મુલચંદ માહાસુખ
૨ ઝવેરી. ભોળાભાઇ બાપાલાલ
૨ શા. મણીલાલ લલુભાઇ
૨ શા. સકરાભાઇ લલુભાઈ
૨ શા. મગનલાલ છગનલાલ
૨ શા. નગીનદાશ મોહોલાલ
૨ શા. મોતીલાલ નગીનદાસ
૨ જેસંઘ બાદર
૨ મેતા. મફતભાઈ લલુભાઇ
૨ શા. ચતુરભાઇ મુલચંદ
૧ શા. ડાહાભાઇ મથુર
૧ શા. મોહનલાલ ઇચ્છાચંદ

૧ શા. છગન મનસુખરામ
૧ શા. ડાહાભાઈ મનસુખ
૧ ચમનલાલ મોહોલાલ
૧ શા. વાડીલાલકાલીદાસ
૧ શા. છોટાલાલ જેસીંગ
૧ શા. મણીલાલ લલુભાઈ
૧ શા. છોટાલાલ વાડીલાલ
૧ ઝવેરી. ચંદુલાલ ભોગીલાલ
૧ શા. ચુનીલાલ હઠીસંઘ
૧ ઝવેરી. જગાભાઈ લલુભાઈ
૧ શા. નગીનદાસ છગનલાલ
૧ શા. કેશવલાલ પુજાસા
૧ શા. ભોગીલાલ બાપાલાલ
૧ શા. હરજીવનદાસ નાહાલચંદ
૨ શા. પાંનાચંદ ભાયચંદ ——
૧ ૧ શા. જમનાદાસ કપુરચંદ
૧ મોદી. વીરચંદ ડાહાભાઈ
૧ શા. બાલાભાઈ છગનલાલ
૧ શા. જીવાભાઈ પીતાંબરદાસ
૧ શા. શીવાભાઈ રાયચંદ
૧ શા. માણેકલાલ મોહનલાલ
૧ શા. મોહલાલ ખલજી

૧ શેઠ. બાલાભાઈ મુલચંદ
૧ શા. હઠીસંઘ હકમચંદ
૧ શા. જેઠાલાલ મગનલાલ
૧ શા. છગનલાલ ગુલાબચંદ
૧ શા. ત્રીભુવન છગનલાલ
૦ શા. નથુભાઇ રવચંદ
૧ શા. ડાહ્યાભાઇ ગણેસ
૧ શા. જેસંગભાઇ નથુભાઇ
૧ શા. મોતીલાલ લલુભાઇ
૧ નરોતમ દલસુખરામ
૧ નાથાલાલ મનસુખરામ
૧ શા. જેસંભાઈ ચકુભાઇ
૧ શા. ચંદુલાલ ઉમેચંદ
૧ શા. મોહનભાઇ ગઢાભાઇ
૧ શા. વાડીલાલ લલુભાઇ
૧ શા. કેસવલાલ પુંજા
૧ શા. ભગુભાઈ નેમચંદ
શા. પરસોતમ ભીખાભાઇ
૨ ત્રીકમલા છગનલાલ
૧ શા. કેસવલાલ બાપુજી